હિંમતનગર ખાતે કોંગ્રેસનું મહાસંમેલન યોજાયું

# મોદી ખોટા વાયદા અને લાગણીઓ ઉશ્કેરી સત્તા હાંસલ કરવા માગે છે : શંકરસિંહ

## વિકાસને આગળ લઈ જવાનો કોંગ્રેસનો એક માત્ર નારો છે : કેન્દ્રીય મંત્રી અજય માકન



હિંમતનગર, તા.૧૧

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે કોંગ્રેસ દ્વારા પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાના અધ્યક્ષ સ્થાને તેમજ કેન્દ્રના શહેરી વિકાસ મંત્રી અજય માકનની ઉપસ્થિતિમાં જન વિજય નિર્ધાર સંમેલનનું આયોજન રવિવારે કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં કોંગ્રેસ કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

હિંમતનગરના મહેતાપુરા ખાતે આવેલા ઘોડા ફાર્મમાં યોજાયેલ કોંગ્રેસ સંમેલનમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત કોંગી કાર્યકરોને સંબોધતા પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રી ખોટા વાયદા અને લોકોની લાગણીઓ ઉશ્કેરીને સત્તા હાંસલ કરવા માંગે છે ત્યારે મતદારોએ સજાગ થવું પડશે જે લોકો રામના નામે સત્તા હાંસલ કર્યા પછી રામને ભુલી ગયા છે તે તમારા કયાંથી થવાના છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે ભાજપ સરકાર ઉદ્યોગપતિઓની છે. ભાજપ સરકાર પેટ્રોલ-ડીઝલ-કેરોસીન ઉપર વેટ ઘટાડવા તૈયાર નથી જયારે ઉદ્યોગપતિઓને ટેક્ષ માફી અને વગર વ્યાજે કરોડો રૂપિયાની લોનો આપે છે. વધુમાં બાપુએ જણાવ્યું હતું કે ભાજપને કાઢવાની તારીખ ૧૩ ને ૧૭ નક્કી છે. રાજયમાં કોંગ્રેસ સરકાર આવશે તો ભાજપે બંધ કરેલા સચિવાલયના દરવાજા લોકો માટે ખોલી નાખવામાં આવશે.

કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રી અજય માકનએ જણાવ્યું હતું કે રાજયના વિકાસનો યશ ગુજરાતીઓના શીરે જાય છે નહિ કે નરેન્દ્ર મોદીના ગુજરાતનો વિકાસ એ ગુજરાતીઓની મહેનતનું પરિણામ છે. છેલ્લા ૧૦ વર્ષના આંકડા જોતાં ગુજરાતનો ગ્રોથ અન્ય રાજયોની સરખામણીએ ખાસ વધ્યો નથી. કોંગ્રેસનો વિકાસને આગળ લઈને જવાનો એક માત્ર નારો છે. એ.આઈ.સી.સી.ના મંત્રી ઈર્શાદ મીર્ઝાએ વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસને વિજય અપાવી દેશના વિકાસમાં ભાગીદાર થવા સૌને અનુરોધ કર્યો હતો. રાજસ્થાનના નાગોરના સાંસદ ડૉ. જયોતિબેન મિર્ધા તેમજ એ.આઈ.સી.સી.ના મહામંત્રી મધુસુદન મિસ્ત્રીએ પ્રાસંગિક પ્રવચનમાં કોંગ્રેસને જવલંત વિજય અપાવવા હાકલ કરી હતી. આ પ્રસંગે જિલ્લાના ત્રણ ધારાસભ્યો મહેન્દ્રસિંહ વાઘેલા, અશ્વિન કોટવાલ, ડૉ. અનીલ જોષીયારા, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ, મીડીયા કન્વીનર ફારૂક ખણુસીયા પૂર્વ મંત્રી વી.ડી. ઝાલા, પ્રદેશ મંત્રી મણીલાલ વાઘેલા, અશોકભાઈ પટેલ, જિલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ વનરાજસિંહ રાઠોડ, જિ.પં.સદસ્ય મહેન્દ્રસિંહ બારૈયા, કાન્તિલાલ પરમાર, મહિલા મોરચાના પ્રમુખ નિર્મળાબેન પંચાલ, યુવા ઉપપ્રમુખ રઈસાબાનુ પઠાણ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં

## ભાજપના આયાતી ઉમેદવારોને સાંખી નહિ લેવાય : મધુસુદન મિસ્ત્રી

હિંમતનગર, તા.૧૧

સાબરકાંઠા જિલ્લામાં ઉમેદવારોની પસંદગી પહેલાં જ ધમસાણ ચાલીરહ્યું છે અને તેના પડઘા આજે હિંમતનગર ખાતે યોજાયેલા સંમેલનમાં પડયા હતા. એ.આઈ.સી.સી.ના મહામંત્રી મધુસુદન મિસ્ત્રીએ પોતાના પ્રવચન દરમિયાન કોંગ્રેસના મોવડીઓને પડકાર ફેંકતા જણાવ્યું હતું કે ભાજપમાંથી આયાત કરેલા ઉમેદવારોને અમો નહિ સાંખી લઈએ તેમની આ વાતથી આગેવાનો સ્તબ્ધ બની ગયા હતા.

જિલ્લાની ૭ વિધાનસભા બેઠકો પૈકી હિંમતનગર સહિત ત્રણ બેઠકો ઉપર એક ડઝનથી પણ વધારે ઉમેદવારોએ કોંગ્રેસમાંથી ટીકીટ માંગી છે. પરંતુ હિંમતનગરની બેઠક ઉપરથી ગૃહ રાજયમંત્રી પ્રફુલભાઈ પટેલનું નામ નિશ્ચિત મનાઈ રહ્યું છે ત્યારે તેમની સામે જીતવા માટે દાવેદારોની ક્ષમતા ન જોતાં પ્રદેશ કોંગ્રેસના મોવડીઓએ ભાજપના પૂર્વ મંત્રી રણજીતસિંહ ચાવડાના પુત્ર રાજેન્દ્રસિંહ ચાવડાને ચૂંટણી જંગમાં ઉતારવાનો નિર્ણય લેતાં મધુસુદન મિસ્ત્રી સમસમી ઉઠયા છે અને તેનો વિરોધ કરી રહ્યા છે અને તેમણે તેમનો વિરોધ આજે જાહેર સભામાં રજુ કર્યો હતો. જિલ્લામાં કોંગ્રેસની સ્થિતિ ખુબ નબળી છે તેવા સંજોગોમાં કોંગ્રેસની આંતરિક ખેંચતાણ કોંગ્રેસને જ ડુબાડશે તેવું કાર્યકરો ચર્ચી રહ્યા છે.

## પ્રાંતિજમાં ડેન્ગ્યુથી યુવાનનું મોત

પ્રાંતિજ, તા. ૧૧

પ્રાંતિજના નાની ભાગોળ વિસ્તારમાં રહી લારીફેરા કરી જીવન ગુજરાન કરી પેટીયુ રળતા શ્રમજીવીના ૨૦ વર્ષીય દિકરાનું ડેન્ગ્યુથી મોત થતા પરિવાર સહિત ગ્રામજનોમાં ભારે શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં આવેલ ભોઈવાસ ડેન્ગ્યુની ઝપેટમાં આવી જતા હાલ ચારથી પાંચ યુવાનો પથારીવસ બન્યા છે. જેમાં ગત રાત્રીના સમયે શ્રમજીવી કાળાભાઈ ભોઈના ૨૦ વર્ષીય યુવાન દિકરાનું ડેન્ગ્યુથી કરૂણ મોત નિપજ્યું હતુ. જ્યારે અન્ય ત્રણથી ચાર યુવાનની તબીયત વધુ લથડતા તમામને હિંમતનગર ખસેડવામાં આવ્યા હતા. આ તબક્કે વધતા જતા ડેન્ગ્યુના કેસોને રોકવા માટે તાત્કાલિક ધોરણે તાલુકા વિકાસ અધિકારીએ કામગીરી હાથ ધરી છે. આ મચ્છરજન્ય રોગનો ફેલાવો વધુ ના થાય તે માટે જિલ્લા આરોગ્યતંત્રની ટીમે અસરગ્રસ્ત વિસ્તારમાં દવાનો છંટકાવ કર્યો હતો.

## તંત્રની રહેમ નજર હેઠળ ડીસામાં ફાયર સેફટી વગર ધમધમતી ફટાકડાની દુકાનો



(તસવીર : કાન્તિલાલ લોધા, ડીસા)

ડીસા, તા.૧૧

ડીસા શહેર ખાતે દિવાળી પૂર્વે ઠેર ઠેર ફટાકડાની હાટડીઓ ખુલી છે. જયારે મોટાભાગની ફટાકડાની હાટડીઓ લાયસન્સ વિનાની બિન અધિકૃત રીતે ચાલે છે. તંત્રના કેટલાક કર્મચારીઓની રહેમ નજર હેઠળ ચાલતી આ હાટડીઓમાં ઉઘાડી લુંટ ચલાવાય છે. ફાયર સેફટીના સાધનો અહીં દશ્યમાન થતા નથી.

ડીસા શહેરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ઠેર ઠેર ફટાકડાની હાટડીઓ મંડાઈ છે. શહેરમાં ઠેર ઠેર ફટાકડાની હાટડીઓ મંડાઈ છે. શહેરમાં માત્ર પાંચ છ વેપારીઓ પાસે લાયસન્સ છે. જયારે બાકીની દુકાનો લાયસન્સ વિના ધમધમે છે. દુકાનો દ્વારા જાહેરમાર્ગો પર દબાણ કરી દિવાળીની ભીડમાં ટ્રાફિકને અડચણરૂપ બને છે તેમ છતાં પોલીસ તંત્ર કે જવાબદાર તંત્ર આ બાબતે કાયદાકીય પગલા ભરવામાં નિષ્ફળ સાબિત થયું છે ત્યારે શહેરમાં ધમધમતા ફટાકડાની દુકાનો પર અગ્નિશામક સાધનોની વ્યવસ્થા પણ નથી. જયારે ગમે ત્યારે દુર્ઘટના સર્જાઈ શકે તેમ છે. આવી પરિસ્થિતિમાં જવાબદાર લોકો સામે તંત્ર પગલા ભરે તેવી લોકોની માંગણી છે.

## જાસપુર નર્મદા કેનાલમાંથી યુવાનનો મૃતદેહ મળી આવ્યો

### આશરે ૨૦ થી ૨૫ વર્ષના યુવાનની હજુ સુધી ઓળખ થઈ શકી નથી : વાલી વારસની શોધખોળ ચાલુ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર નજીક આવેલી જાસપુર નર્મદા કેનાલ પાસેથી પેટ્રોલીંગમાં નિકળેલા સિક્યુરીટી ગાર્ડે કેનાલના પાણીમાં મૃતદેહ દેખતા પોલીસને જાણ કરીને બોલાવી લીધી હતી. કલોલ તાલુકા પોલીસે જાસપુર કેનાલ સાયફન સુધી પહોંચી ગયેલો મૃતદેહ બહાર કઢાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તેની ઓળખ માટે ચક્રો ગતિમાન કર્યા છે. ઉલ્લેખનીય છે કે આશરે ૨૦ થી ૨૫ વર્ષની ઉંમરના યુવાનની ઓળખવિધિ હજુ થઈ શકી નથી. તેના વાલી વારસ શોધવા તજવીજ ચાલી રહી છે. પ્રાપ્ત માહિતી મુજબ આજે બપોરના સુમારે કેનાલ સિક્યુરીટી ગાર્ડ જાસપુર કેનાલ પાસેથી પેટ્રોલીંગમાં નિકળ્યા હતા તે દરમ્યાન તેને જાસપુર કેનાલમાં યુવાનનો તરતો મૃતદેહ દેખાઈ આવ્યો હતો. તેણે કલોલ તાલુકા પોલીસને જાણ કરીને બોલાવી લેતા હે.કો. લક્ષ્મણભાઈ સ્થળ પર આવી પહોંચ્યા હતા અને આશરે ૨૦ થી ૨૫ વર્ષની ઉંમરના અજાણ્યા યુવાનનો મૃતદેહ બહાર કઢાવી તેના કપડાં ફંફોસ્યા હતા. પરંતુ તેની ઓળખ થાય તેવો કોઈ પુરાવો મળ્યો ન હતો. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તેના વાલીવારસની ઓળખ માટે તજવીજ શરૂ કરી છે. શરીરે કાળો શર્ટ અને ખાખી રંગનું જીન્સ પેન્ટ તેણે પહેર્યુ છે. મૃતદેહ પી.એમ. માટે મોકલી ઘટતી કાર્યવાહી પોલીસે હાથ ધરી છે.



કાંકરેજ તાલુકામાં ઘઉંના વાવેતર કરવા માટે ખેડૂતો દ્વારા ખેતરમાં ખેડ કરવામાં આવતાની સાથે જ સફેદ બગલાઓ પોતાનો ખોરાક શોધવા માટે ખેડમાં ફાંફાં મારીને જીવજંતુ શોધી પોતાનું પેટ ભરતા નજરે પડે છે. જેમકે અત્યારના.... (તસવીર : હેમુભા વાઘેલા)


અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર બનાવ

## અકસ્માતમાં એનઆરઆઈ પરિવારના ત્રણના મોત થયા

વડોદરા,તા. ૧૧

વડોદરાના એનઆરાઈ પરિવારને આજે વહેલી સવારે ગમખ્વાર અકસ્માત નડતા ત્રણના મોત થયા હતા અને અન્ય એકને ઈજા થઈ હતી. આ બનાવ અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર બન્યો હતો. બનાવના કારણે વડોદરાના દેસાઈ પરિવારમાં આઘાતનું મોજુ ફરી વળ્યુ હતું. પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ આજે વહેલી સવારે આ બનાવ બન્યો હતો. વડોદરાના દેસાઈ પરિવારના સભ્યો દક્ષિણ આફ્રિકાથી આવી પહોચ્યા બાદ વિમાનીમથકથી હોન્ડા સિટી કાર મારફતે એક્સપ્રેસ હાઈવે પર વડોદરા તરફ રવાના થયા હતા. એ જ વેળા વાઠવાડી ગામ પાસો તેમની કાર અકસ્માતે આગળ ચાલી રહેલી એક ટ્રકને પાછળથી અથડાઈ ગઈ હતી. આ અકસ્માત ખુબ પ્રચંડ હતો.

કાર પર કાબુ નહી રહેવાના કારણે આ બનાવ બન્યો હોવાનુ જાણવા મળી રહ્યુ છે. વાટવાડી ગામ પાસે ટ્રક અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ઘાયલ થયેલા અનો મૃત્યુ પામેલા એનઆરઆઈ પરિવારની ઓળખ કરી લેવામાં આવી છે. વડોદરાના એનઆરઆઈ પરિવારના જે સભ્યોના કરૂણ મોત થયા છે તેમાં પ્રતિક્ષા યશ દેસાઈ, સ્નેહ યશ દેસાઈ અને યવન હિતેશ દેસાઈનો સમાવેશ થાય છે. જ્યારે કારના ચાલકને ગંભીર ઈજા થઈ હતી. ઘાયલ થયેલા ચાલકનો અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. બનવ બન્યા બાદ થોડાક સમય માટે એક્સપ્રેસ હાઈવે પર ટ્રાફિક જામની સ્થિતિ પણ જોવા મળી હતી. જેથી પોલીસને સ્થિતિને સામાન્ય બનાવવા ભારે જહેમત ઉઠાવવી પડી હતી.



(તસવીર : કાંતીલાલ લોધા, ડીસા)

### ડીસામાં ધનતેરસ નિમિત્તે લોકોએ ધનની પૂજા કરી

દિવાળીના તહેવારોની શૃંખલામાં આવતા ધનતેરસના તહેવાર બાદ કાળી ચૌદસ, દિવાળી, બેસતું વર્ષ અને ભાઈબીજ એમ પાંચ તહેવારોનો રંગે ચંગે શુભારંભ થઈ ગયો છે. તે નિમિત્તે આજરોજ લોકોએ ધનતેરસ નિમિત્તે ધનલક્ષ્મીનું પૂજન અર્ચન કરી તેને રીઝવવાનો પ્રયત્ન કર્યો હતો.

ધનતેરસના દિવસે લોકોએ ધનની પૂજા કરી હતી તેમજ નવા વાહન તેમજ અન્ય વસ્તુઓની ખરીદી કરી હતી. ધનતેરસના દિવસે સવારથી જ લોકોમાં આનદ ઉલ્લાસ જોવા મળતો હતો. તેમજ વધુમાં સરકારી ઓફીસોમાં રજાનો માહોલ હોવાથી કર્મચારીઓ અને તેમના પરિવારજનોમાં પણ આનંદની લાગણી જોવા મળી હતી. આ દિવસે લોકોએ ધનની પૂજા કરી પોતાનાથી યથા શકિત મુજબ દાન પણ કર્યું હતું.

## ૩.૫૦ લાખ કામદારોને દિવાળી બોનસ

અમદાવાદ, તા.૧૧

દિવાળીના તહેવાર ટાણે જ જૂદી-જૂદી ફેકટરીઓ, કારખાનાઓ સહિત યુનિટોમાં કર્મચારીઓને બોનસ મળી જતાં બજારોમાં છેલ્લી ઘડીએ ઘરાકી નીકળી છે. મજૂર મહાજને દાવો કર્યો છે કે ૩.૫૦ લાખ કામદારોને રૂપિયા ૪.૫૦ કરોડ જેટલું બોનસ ચૂકવી દેવામાં આવ્યું છે. એટલે શ્રમિક અને કામદાર વર્ગમાં દિપાવલીનું પર્વ વધુ આનંદમય બન્યું છે. લઘુઉદ્યોગ મજૂર મહાજન સંઘના પ્રધાનમંત્રી મહેન્દ્રભાઈ દેસાઈએ જણાવ્યું છે કે અમદાવાદ શહેરની આસપાસ વિસ્તારના ટેકસટાઈલ પ્રોસેસીંગ યુનિટો, પાવરલૂમ્સ, ફાર્માસ્યુટિકલ્સ, કેમિકલ્સ, ટ્રાન્સપોર્ટસ, હોટલો સહિતના એકમોના ૩.૫૦ લાખ કર્મચારીઓને મજૂર મહાજનના પ્રયાસોથી રૂપિયા ૪.૫૦ કરોડથી વધુની રકમ બોનસપેટે ચૂકવાઈ છે દિવાળીના તહેવારો પૂર્વે જ કર્મચારીઓ-શ્રમિકોને બોનસ મળી જતા તેમના પરિવારો માટે દિપાવલીનું પર્વ આનંદમય બન્યું છે.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
દિવાળીના તહેવારોમાં શો-રૂમ ચાલુ રહેશે.
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન